## અમદાવાદના મહેરબાન સિટી સિવિલ જજ સાહેબશ્રીની અદાલતમાં, અદાલત નંબરઃ ૨૪

**દી.મુ.નં.૫૯૬/૦૬ ના કામે વાદીની આંક-૩૯ ના લીસ્ટથી રજૂ કરેલ નિ.૩૯/૧ થી નિ.૩૯/૧૨૧ ના ડોક્યુમેન્ટને આંક આપવાની અરજી આંક-૬૭ હેઠળ હુકમઃ-**

**(૧)** અરજી, રેકર્ડ, પ્રોસીડીંગ્સ, સરતપાસ ધ્યાને લઇ વાદી તરફે વિ.વ.શ્રી સી.બી.રાવલ તથા પ્રતિવાદી નં.૪ તરફે વિ.વ.શ્રી એન.એમ.પાલખીવાલાને સાંભળ્યા.

**(૨)** કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે માત્ર આંક દાખલ લઇ જવાથી દસ્તાવેજ પુરવાર થઇ ગયેલ ગણાય નહી. રજૂ કરેલ ડોક્યુમેન્ટનુ પુરાવાના હેતુ માટે કેટલુ વેલ્યુ છે તે ડોક્યુમેન્ટ સંદર્ભે રજૂ કરેલ પુરાવાથી નકકી થઇ શકે તે કાયદાની જોગવાઇ ધ્યાને લેતાં રજૂ કરેલ ડોક્યુમેન્ટને આંક આપવામાં આવે તો કોઇ પક્ષકારને નુકસાન જાય તેમ નથી.

નિ.૩૯ ના ક્રમ નં.૧૮, ૧૯ તથા ૫૫ ના ડોક્યુમેન્ટને વાદી સાહેદની ઉલટતપાસમાં આંક અપાઇ ગયેલ હોય ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**- હુ ક મ -**

**૧.** નિ.૩૯ ના લીસ્ટ સાથે રજૂ કરેલ ક્રમ નં.૧ થી ૧૭ તથા ક્રમ નં.૨૦ થી ૫૪ તથા ક્રમ નં.૫૬ થી ૧૨૧ ને આંક આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૨/૧૦/૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૨/૧૦/૨૦૨૩
સ્થળ: અમદાવાદ

**(જયેશભાઇ લીંબાભાઇ ચોવટીયા)**
ન્યાયાધીશ
સિટી સિવિલ કોર્ટ,
અમદાવાદ. કોર્ટ નં.૨૪
યુનિક કોડ નં.જીજે૦૦૭૧૭

VRG